# ગાઓ

– સુન્દરમ્

છુમ છનનનન બાજે નૂપુરિયાં,
રૂમ ઝુનુનુન ગાજે ઘૂઘરિયાં.
છુમ છુનુનુન બાજે નૂપુરિયાં.
થનક થનક થૈ ચરણાં નાચે,
બાજે મૃદુ મૃદુ બાંસુરિયાં;
આઓ જન જન, ગાઓ મન મન,
ઘટ ઘટ ગોરસ સંભરિયાં.
છુમ છુનુનુન બાજે નૂપુરિયાં.
ફૂલ ફૂલની મહેકે? ક્યારી,
ઝરણ રહ્યાં પદ પદ ઝંકારી,
અબ નૂતન નરતનની વારી,
ગાઓ ગુનગુન ગીતનિયાં,
કલ સુંદિર સુંદિર સોહનિયાં.
છુમ છુનુનુન બાજે નૂપુરિયાં.

